31st January Monday, 2005

## નડીઆદમાં ચરણ ચિહ્ન પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

નડીઆદ તા.૩૧

અવધૂત યોગીરાજ શ્રી સંતરામ મહારાજના ૧૭૪મા સમાધિ મહોત્સવ પર્વે શ્રી સંતરામ મંદિર નડીઆદના અષ્ટમ મહંત બ્રહ્મલીન પ.પૂ.નારાયણદાસજી મહારાજનાં ચરણચિહ્ન પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૯,૨૦,૨૧ ફેબ્રિ.દરમ્યાન યોજાનાર આ મહોત્સવ દરમ્યાન સુંદરકાંડ પારાયણ, રામાયણ અખંડ પારાયણ, અખંડ નામ સંકીર્તન આધ્યાત્મિક પ્રવચનો, ભજન મંડળીઓની સ્પર્ધા, આરતી, સાકરવર્ષા પાદુકાની શોભાયાત્રા, શહેરમાં પ્રસાદ વિતરણ તેમજ ચરણ ચિહ્ન પ્રતિષ્ઠા વિધિ વગેરે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ચરણ ચિહ્ન પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે તા. ૧૭,૧૮, ૧૯ ના રોજ સાંજના ૪-૩૦ થી ૬-૩૦ દરમ્યાન અણદાબાબા આશ્રમ, જામનગરના શ્રી દેવપ્રસાદજી શ્રી રામચરિત માનસ આધારિત આધ્યાત્મિક પ્રવચન આપશે.